# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ** **તા. ૧૧.૦૮.૨૦૧૭**

**આવતીકાલે રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષા અને લોકસભાના સાંસદ શ્રીમતી પૂનમ મહાજન ‘‘ભારત જોડો’’ અભિયાન અંતગર્ત ગુજરાત પ્રવાસે**

---------------------

**અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેશન હોલમાં ૪૧ જીલ્લાના પ્રમુખોને તિરંગો આપી શ્રીમતી પુનમ મહાજન ભારત જોડો અભિયાનનો પ્રારંભ કરાવશે.**

---------------------

**આણંદ અને વડોદરા ખાતે યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધશે.**

---------------------

ગુજરાત યુવા મોરચાના મહામંત્રીશ્રી ડૉ. નેહલ શુકલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષા શ્રીમતી પૂનમ મહાજનની વિશેષ ઉપસ્થિતિમાં આવતીકાલે ૧૧.૦૦ વાગ્યે અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી કન્વેશન હોલમાં ગુજરાત યુવા મોરચાના અધ્યક્ષ શ્રી ડૉ. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં ‘‘ભારત જોડો’’ અભિયાન અંતગર્ત કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં પ્રદેશના મહામંત્રી શ્રી કે. સી. પટેલ અને ગુજરાત યુવા મોરચાના પૂર્વ પ્રમુખશ્રીઓ અને અમદાવાદના ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રીય અધ્યક્ષા અને લોકસભાના શ્રીમતી પુનમ મહાજન કાર્યક્રમમાં ૪૧ જીલ્લાના પ્રમુખશ્રીઓને તિરંગો આપી ગુજરાતમાં ‘‘ભારત જોડો’’ પ્રારંભ કરાવશે. ગુજરાતના દરેક જીલ્લામાં યુવા મોરચાના કાર્યકર્તાઓ બુથ સુધી તિરંગો હાથમાં લઈ ભારત જોડોના ઉદ્દેશ સાથે નવા ભારતનું નિર્માણ કરશે. આ કાર્યક્રમ બાદ કન્વેશન હોલથી વિજય ચાર રસ્તા સુધી રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી પુનમ મહાજનની અધ્યક્ષતામાં પદયાત્રા યોજાશે.

રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી પૂનમ મહાજન બપોરે ૦૨.૩૦ કલાકે કરમસદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલના નિવાસ સ્થાનની મુલાકાત લેશે. ત્યારબાદ ડી.એન. હાઈસ્કુલ ખાતે બપોરે ૦૩.૦૦ કલાકે યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધશે અને સાંજે ૦૬.૩૦ વાગે વડોદરા ખાતે સી. સી. મહેતા ઓડીટોરીયમ હોલમાં વ્યવસાયિકો યુવાનો સાથે વાર્તાલાભ કરશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૩૦મી જુલાઈ, ૨૦૧૭ના રોજ મન કી બાત કાર્યક્રમમાં ‘‘સંકલ્પ થી સિદ્ધિ’’ મહા અભિયાનની શરૂઆત અને ગૌરવશાળી ભૂતકાળથી પ્રેરણા લઈ એક સમૃદ્ર અને એકીકૃત ભારત માટે એક દેશવ્યાપી આંદોલન શરૂ કરવાની અપીલ કરી હતી. વડાપ્રધાનના મન કી બાત થી પ્રેરણા લઈને યુવા મોરચાએ ભારત જોડો અભિયાન આખા ભારતભરમાં કરવાનું નક્કી કર્યું છે.

**યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા અને લોકસભાના સાંસદ શ્રીમતી પૂનમ મહાજનનો કાર્યક્રમ**

| સમય | સ્થળ |
|---|---|
| સવારે ૧૦.૦૦ વાગે | અમદાવાદ ઍરપોર્ટ ખાતે ભવ્ય સ્વાગત |
| સવારે ૧૧.૦૦ વાગે | ગુજરાત યુનિવર્સિટી કન્વેશન હોલ, અમદાવાદ |
| બપોરે ૦૨.૩૦ વાગે | સરદાર વલ્લભભાઈ પટેલના નિવાસ સ્થાન, કરમસદ, આણંદ |
| બપોરે ૦૩.૦૦ વાગે | ડી.એન. હાઈસ્કુલ કંપાઉન્ડ, આણંદ (સભા) |
| સાંજે ૦૬.૩૦ વાગે | સી. સી. મહેતા ઓડિટોરીયમ, વડોદરા |

(ડૉ. હર્ષદ પટેલ)
**મીડીયા વિભાગ**